૧૬૭૯

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૧/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૮(બમરોલી) નાં રીઝર્વ પ્લોટ નં.૧૭૬,ગાર્ડનના હેતુ માટે અનામત રાખવામા આવેલ પ્લોટ માંથી કાચા પાકા મકાનો તથા ૨૩ કાચા ઝૂંપડા દુર કરી ૧૩૦૦ ચો.ફૂટ જગ્યા ખુલ્લી કરી રૂા.૫૦,૦૦૦/– વહીવટી ચાર્જ વસુલ લેવામા આવેલ છે.

(૨) ટી.પી. સ્કીમ નં.૨૨ (ભેસ્તાન) માં આવેલ જય અંબે નગરના પ્લોટ નં.૧૫૨ માં માર્જીનની જગ્યામા કરેલ ચણતર,ઓટલા,પગથીયાનું ૬૦ ચો.ફૂટનુ ગેરકાયદેસર બાંધકામ દુર કરી રૂા. ૫૦૦૦/–વહીવટી ચાર્જ વસુલ લેવામા આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૮૦

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૨૧/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન મલ્ટીપર્પઝ કોમ્યુનિટી હોલ, સાગર સોસાયટી પાસે, મરઘા કેન્દ્ર સામે, કાપોદ્રા, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમના સંદર્ભમાં પ્રાસંગીક ઉદબોધન કરતા સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે લોકોને વિવિધ પ્રમાણપત્રો મેળવવા પહેલા વિવિધ કચેરીઓમાં ધકકા ખાવા પડતા જેથી તેમનો અસંતોષ વધ્યો તથા આ તકનો લાભ વચેટીયાઓ ખાટી જતા. સુરત મહાનગર પાલિકા દ્વારા સુવ્યસ્થિત આયોજન કરી લોકોને ઓછામાં ઓછી મૂશ્કેલી પડે તેવો પ્રયાસ કરી વોર્ડવાઈઝ સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કર્યુ છે તથા લોકોએ મોટી સંખ્યામાં સેવાસેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સુરત મહાનગર પાલિકાના આ પ્રયાસનો સ્વિકાર કર્યો છે.

કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા કોર્પોરેટરશ્રી ભવાનભાઈ સીસારાએ જણાવ્યુ કે સુરત મહાનગર પાલિકામાં દર અઠવાડીએ સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન સામાન્ય લોકોને તેમના જરૂરી પ્રમાણપત્ર સ્થળ પર જ મળી રહે તે ઉદેશથી વિવિધ વિસ્તારમાં યોજવામાં આવી રહયો છે. વધુમાં કોર્પોરેટરશ્રીએ બીજા લોકોને પણ આ સેવાસેતુમાં લાભ લેવા જણાવવા અપીલ કરી હતી.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૧૫૭૯ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.






સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"

## <u>પ્રેસનોટ</u>

## વેસ્ટઝોનમાં ભીના કચરાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ માટે પાલનપુર જકાતનાકા પાસે આવેલ "સરોજીની નાયડુ શાક માર્કેટ" માં ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીન મૂકવા બાબત.

વેસ્ટઝોનમાં ભીના કચરાનો વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલ માટે પાલનપુર જકાતનાકા પાસે આવેલ "સરોજીની નાયડુ શાક માર્કેટ" માં ઓર્ગેનિક વેસ્ટ કન્વર્ટર મશીનમાં દરરોજ ૨૫૦ કિ.ગ્રા. કેપેસીટીનું આજરોજ કાર્યરત કરવામાં આવ્યુ હતું. જે મશીન ધ્વારા માર્કેટના ભીના એટલે કે ઓર્ગેનીક વેસ્ટનો નિકાલ કરી શકાશે, જેમાંથી ૧૫ દિવસ બાદ પ્રોસેસ થયા પછી ખાતર ઉત્પન્ન કરી શકાશે. જેના માટે અગાઉ જે તે શાક માર્કેટમાંથી તેમજ માર્કેટની આજુબાજુ રહેતા રહીશો ધ્વારા વિરોધ કરવામાં આવેલ, પરંતુ સ્થાનિક મ્યુ. કોર્પોરેટરો શ્રી પ્રવિણભાઈ પટેલ, શ્રીમતી ઉષાબેન પટેલ અને શ્રીમતી જશુબેન રાઠોડ ધ્વારા સ્થાનિક રહિશો તેમજ શાક માર્કેટના વેપારીઓને શાકભાજીના કચરાના વૈજ્ઞાનિક પધ્ધતિથી નિકાલની કામગીરી સમજાવી હતી. જેમાં ૨૫૦ કિ.ગ્રા. વેસ્ટના નિકાલની અવેજમાં દર ૧૫ દિવસે આશરે ૫૦ થી ૫૫ કિ.ગ્રા. જૈવિક ખાતર ઉપપેદાશ તરીકે મહાનગર પાલિકા મેળવી શકશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 1681
તાઃ ૨૨.૫.૧૩.

# –: પ્રેસનોટ :–

## :: "નેતાજી સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ" ::

ભારત દેશની આઝાદીના લડવૈયા નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૦મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૩/૦૧/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગોપીપુરા, સુભાષચોક, સુરત ખાતે  પુષ્પાંજલી સહ વંદનાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી ભારત દેશની આઝાદી અપાવવામાં મહત્વની ભુમિકા અદા કરનારા નેતાજી સુભાષચંદ્ર બોઝને માન.ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સમાજ કલ્યાણ આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, તથા વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ, મ્યુ.સભ્યશ્રીઓ, અધિકારીગણ તથા સ્થાનિક નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નેતાજી સુભાષચંદ્ર બોઝને પુષ્પાંજલી અર્પણ કરી વંદના કરી હતી. ત્યારબાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓએ માતૃભૂમિની મુકિત માટે છેડાયેલા જંગમાં અગ્રેસર એવા સુભાષચંદ્ર બોઝના જીવન પર  વકતવ્ય રજુ કરી રાષ્ટ્રીય નારાઓથી નેતાજીને યાદ કર્યા હતા.



૧૬૮૩

# સુરત મહાનગરપાલિકા
# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૩/૦૧/૧૭ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારના વિવિધ વિસ્તારોમાં તા.૨૩/૦૧/૧૭ ના રોજ સા.વે.(અઠવા)ઝોનના શહેર વિકાસ સ્ટાફ તેમજ દબાણ સ્ટાફ દ્વારા સંયુકત દબાણ દૂર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ. જેમાં ટી.પી.સ્કીમ નં.૧૩(ભરથાણા–વેસુ), ફા.પ્લોટ નં.૧૮૯ "ઓપન કોમર્શીયલ યુઝ" વાળા રીઝર્વેશન પ્લોટમાં ચા ની લારી/ઝુંપડાનું દબાણ દૂર કરવામાં આવેલ છે.
- ખાટુશ્યામ મંદિર વી.આઈ.પી.રોડ પરથી પરવાનગી વગર રસ્તા પર મૂકવામાં આવેલ કમાન નંગ–૬, ફુટપાથ પર બનાવવામાં આવેલ સ્ટોલ નંગ–૧, કેબીન/લારી નંગ–૨, રસનું મશીન નંગ–૧, કાચા ઝુંપડા નંગ–૨, ટેબલ–ખુરશી નંગ–૩, કોમ્પ્રેશર મશીન નંગ–૧ ફુટપાથ/રોડ પર મૂકી દબાણ કરવામાં આવેલ તેમજ રોડ પર ટ્રાફિક જામની પરિસ્થિતિ ઉપસ્થિત કરવામાં આવેલ. જે દબાણ અત્રેથી દૂર કરી રોડ ખુલ્લો કરવામાં આવેલ છે.
- ઉધના–મગદલ્લા રોડ બી.આર.ટી.એસ. રૂટ પરના લાગુ રસ્તા તેમજ ફુટપાથ પર દબાણકર્તાઓ દ્વારા કેબીન નંગ–૧, લારી નંગ–૨ તેમજ મજુરોના પાથરણાં વિગેરેનું દબાણ કરવામાં આવેલ. જેને અત્રેથી દૂર કરી રોડ તથા ફુટપાથ ખુલ્લા કરવામાં આવેલ.
- ઉધના–મગદલ્લા રોડ પર નવજીવન સર્કલ પાસે ફુટપાથ ઉપર માર્બલના મંદિરોના વેપારી દ્વારા કરવામાં આવેલ દબાણ દૂર કરી ફુટપાથ ખુલ્લો કરવામાં આવેલ છે.
- રાણી સતી પાસે આવેલ શાકભાજી માર્કેટ તેમજ ભટાર રોડ પર ફુટપાથ/રસ્તા પરથી શાકભાજી તેમજ પાથરણાંના દબાણો દૂર કરવામાં આવેલ છે.

સદરહું કામગીરી દરમ્યાન કુલ રૂ.૫૩,૩૦૦/– દબાણ ચાર્જ પેટે વસુલવામાં આવેલ છે. સદરહુ કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન શહેર વિકાસ સ્ટાફ તથા દબાણ સ્ટાફ તેમજ અત્રેના સીકયોરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

માન. કમિશ્નરશ્રીની સૂચના અન્વયે આજે તા.૨૩/૦૧/૨૦૧૭ ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર)નાં નીચે મુજબનાં વિસ્તારોમાંથી લારી–ગલ્લા તથા અન્ય દબાણની વિડીયો ગ્રાફી કરી તેને ઉઠાવવાની કામગીરી કરવામાં આવેલ હતી.

**(૧) પરશુરામ ગાર્ડન વિસ્તાર,**
**(૨) હરીઓમ સર્કલ વિસ્તાર,**
**(૩) એલ.પી.સવાણી સ્કુલ વિસ્તાર**
**(૪) ટેકરાવાલા સ્કુલ પાસે આવેલ શાકભાજી માર્કેટ**
**(૫) સંસ્કાર ભારતી સ્કુલ પાસે આવેલ શાકભાજી માર્કેટ**

– ખુલ્લી લારી – ૪૨ નંગ　　　　કુલ લારી :–૬૭ નંગ
– બંધ લારી – ૨૫ નંગ
– દૂધ / શાકભાજીનાં કેરેટ, ટાયર, ગેસનાં બાટલા, સ્ટેન્ડ, ચૂલા, ટાયર, પાણીનાં કેરબા, કાચની બરણીઓ વિગેરે કુલ–૧૧૦ નંગ
– પાથરણા – ૮૭ નંગ
– બાકડા – ૦૭ નંગ
– ઝુંપડા – ૦૫ નંગ

સદર કામગીરીમાં ૩–આસી.ઈજનેર / જુની ઈજનેર / આસી. ટાઉન પ્લાનર, ૧–સુપરવાઈઝર, ૧–વિડિયો ગ્રાફર, કુલ–૧૪ બેલદાર, કુલ ૪–નંગ મઝદા ગાડી / ટ્રક , કુલ ૫–સિક્યોરીટી સ્ટાફ/માર્શલ તથા રાંદેર ઝોનનો શહેરી વિકાસ નો સ્ટાફ તથા દબાણનો સ્ટાફ તથા તમામ ડેપ્યુટી ઈજનેરશ્રીઓ સહિત ઉપરોક્ત દબાણની કામગીરી પૂર્ણ કરેલ. સદર કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સુચનાથી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી**
**સમાચાર યાદી નં. 1684**
**તા.૨૩/૦૧/૨૦૧૭**

૧૬૮૫

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૫/૦૧/'૧૭ ને બુધવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન કોમ્યુનીટી હોલ, ભેસ્તાન બીઆરટીએસ વર્કશોપની સામે, સ્વપ્નશ્રુષ્ટિ રો-હાઉસ પાસે, ઉન હેલ્થ સેન્ટર પાસે, ભેસ્તાન, **સુરત અને** સ્વામીનારાયણ મંદિર, છાપરાભાઠા અમરોલી રોડ, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૬૮૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **"ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૩/૦૧/૧૭ના રોજ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી આંગણવાડી વિસ્તારમાં કન્યાઓને આરોગ્ય સ્વચ્છતા અંગેના શિક્ષણના કાર્યક્રમ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૩/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ આઈ.સી.ડી.એસ., આરોગ્ય વિભાગ તથા વિવિધ એન.જી.ઓની સંયુકત ટીમોના સહયોગથી આંગણવાડીઓનાં વિસ્તારમાં કન્યાઓને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ આપવામાં આવેલ હતું. તેમજ આંગણવાડી વિસ્તારની આજુબાજુ ઘનીષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી હતી.

| એન.જી.ઓ.ની સંખ્યા | આંગણવાડીની સંખ્યા | કન્યાઓની સંખ્યા | હાજર રહેલા સભ્યોની સંખ્યા |
|---|---|---|---|
| 12 | 82 | 760 | 418 |

વધુમાં આરોગ્યવિભાગની ટીમો દ્વારા સ્વચ્છતા બાબતે આંગણવાડીના સભ્યો,એન.જી.ઓના સભ્યો, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૮૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **"ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૪/૦૧/૧૭ના રોજ ગર્લ ચાઈલ્ડ–ડે નિમિત્તે શાળા આંગણવાડી વિસ્તારમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૩/૦૧/૧૭ના રોજ સુરત મહાનગરપાલિકાના તમામ ઝોન વિસ્તારમાં આવેલ આઈ.સી.ડી.એસ., આરોગ્ય વિભાગ તથા વિવિધ આચાર્યશ્રીઓની સંયુકત ટીમોના સહયોગથી શાળા/આંગણવાડીઓનાં વિસ્તારમાં ચિત્ર સ્પર્ધાનું આયોજનમાં સ્વચ્છતાલક્ષી ભીંતસુત્રો દોરાવ્યા બાદ સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ લાભાર્થીઓને સ્વચ્છતા અંગે આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ ભીનો/સુકો કચરાને અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા માટેની સમજ આપવામાં આવેલ હતી. તેમજ આંગણવાડી વિસ્તારની આજુબાજુ ધનીષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવી હતી.

| શાળા/આંગણવાડીની સંખ્યા | શિક્ષકો/આંગણવાડી કાર્યકર્તાની સંખ્યા | સ્પર્ધામાં ભાગ લેનાર વિધાર્થીઓની સંખ્યા | હાજર રહેલ સભ્યોનીસંખ્યા | સુપરવાઈઝર | કામદાર |
|---|---|---|---|---|---|
| 45 | 90 | 360 | 45 | 21 | 63 |

વધુમાં શાળા/આંગળવાડી, આરોગ્યવિભાગની ટીમો દ્વારા સ્વચ્છતા બાબતે આંગણવાડીના સભ્યો,નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૬૮૮

:: પ્રેસનોટ ::

**૧૬ ''સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો,**
**રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો**

સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૬મો ''સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળા''નું આયોજન તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે કરવામાં આવેલ છે. આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિવિધ સ્પર્ધાઓ, ગાર્ડન વિભાગ દ્વારા પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી સ્પર્ધાઓ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

આ પુસ્તક મેળાના સેમિનાર હોલમાં વિદ્યાર્થીઓ અને કલાકારોમાં છુપાયેલી અને ધરબાયેલી સર્જનશીલતાને બહાર લાવવા વિવિધ સ્પર્ધાઓ અને સાંજે ૭.૦૦ કલાકે મનોરંજનસભર સંગીત સંધ્યા, દેશ ભકિતગીત આધારિત ગ્રૃપ ડાન્સ કોમ્પીટીશન તથા  લોકનૃત્યોનો રંગારંગ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેનાર ૭૦૦ જેટલા સ્પર્ધકોનું રજીસ્ટ્રેશન થયેલ છે. ગાર્ડન વિભાગ દ્વારા તાજા ફુલોની ગોઠવણી, ફુલોના ગજરા / ફુલોની વેણી, ઔષધિય વનસ્પિતિના કુંડા, સુકા ફુલોની ગોઠવણી, સલાડ ડેકોરેશન, ફુલોના હાર/તોરણ જેવી પુષ્પની જાળવણી અને ગોઠવણીને લગતી હરીફાઈઓ યોજાશે. મેળામાં પ્રવેશ વિનામુલ્યે રાખવામાં આવેલ છે અને મેળાનો સમય સવારે ૧૧.૦૦ કલાક થી રાત્રે ૧૦.૦૦ કલાક સુધીનો રહેશે. ''જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાતા આ સાંસ્કૃતિક રસાસ્વાદને માણવા'' જાહેર જનતાને નિમંત્રણ છે તથા સ્પર્ધામાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી.

| ક્રમ | તારીખ | સ્પર્ધા (બપોરે) | કાર્યક્રમો<br>સાંજે ૭.૦૦ કલાકે |
|---|---|---|---|
| ૧ | તા.૨૫/૦૧/૨૦૧૭<br>બુધવાર | ચિત્રકામ સ્પર્ધા<br>(પ્રાથમિક વિભાગ)<br>બપોરે ૩.૦૦ થી ૫.૦૦ | સંગીત સંધ્યા (અંતરીક્ષ બેન્ડ) |
| ૨ | તા.૨૬/૦૧/૨૦૧૭<br>ગુરૂવાર | તુલસી કયારા ડેકોરેશન સ્પર્ધા<br>(ખુલ્લો વિભાગ)<br>સાંજે ૪.૦૦ થી ૫.૦૦ | દેશ ભકિતગીત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન (ધો. ૫ થી ૧૨)<br>(સાંજે ૬.૦૦ કલાકે) |
| ૩ | તા.૨૭/૦૧/૨૦૧૭<br>શુક્રવાર | વારલી પેઈન્ટીંગ સ્પર્ધા<br>(માધ્યમિક અને ખુલ્લો વિભાગ)<br>મા.વિ.બપોરે ૨.૩૦ થી ૪.૩૦ અને<br>ખુલ્લો વિ. બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલની શાળાઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ |
| ૪ | તા.૨૮/૦૧/૨૦૧૭<br>શનિવાર | કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા<br>(ખુલ્લો વિભાગ)<br>બપોરે ૨.૦૦ થી ૫.૦૦ | દિવ્યાંગ બાળકો દ્વારા ઓરકેસ્ટ્રા |
| ૫ | તા.૨૯/૦૧/૨૦૧૭<br>રવિવાર | કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધા<br>(ખુલ્લો વિભાગ)<br>બપોરે ૨.૦૦ થી ૩.૦૦ | ગુજરાતી–હિન્દી ગીતોનો કાર્યક્રમ<br>''સુર તાલના સથવારે''<br>સત્યેન જગીવાલા ગ્રુપ |

૧૬૮૯

# —: પ્રેસનોટ :—

## સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૭ની ઉજવણી

ભારતના રાષ્ટ્રીય પર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણીના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૭ નારોજ સવારે:૧૦ કલાકે, વોર્ડ નં.૨૫, નીલગીરી ગ્રાઉન્ડ, નીલગીરી સર્કલ પાસે, લીંબાયત, સુરત ખાતે મા.મેયરશ્રીમતી અસ્મિતાબેન પ્રફુલ્લભાઈ શિરોયાના વરદહસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાનાર છે. પ્રજાસત્તાક પર્વના અવસરે સવારે ૯.૦૦ કલાકે લિંબાયત ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી ટેબ્લોઝ અને દેશભકિતના નારા સાથે નવાનગર થી વિનુબાનગર સોસાયટીમાં ફરી મુખ્યમાર્ગ થઈ નિલગીરી સર્કલ થઈ ધ્વજવંદન સ્થળે, જવાહરનગરથી સાંઈબાબા મંદિર થઈ ધ્વજવંદન સ્થળે, પદમાવતી સોસાયટી થી મદીના મસ્જીદ થઈ સુભાષનગર થઈ જંગલશાબાવા દરગાહ થી મીઠીખાડી મેઈન રોડ થઈ મારૂતિનગર સર્કલ થઈ અને જલારામ નગર થી ગોડાદરા હેલ્થ સેન્ટર થઈ મેઈન રોડ થઈ ધ્વજવંદન સમારોહમાં જોડાશે. સુરત મહાનગરપાલિકાના ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના સીકયુરીટી જવાનોની માર્ચ પાસ્ટ સાથે ત્રિરંગાને સન્માનપૂર્વક સલામી આપવામાં આવશે. ધ્વજવંદન બાદ યોજાનાર સન્માન સમારોહમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા આયોજીત ચિત્રકામ અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર તથા રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના રમતવીરોને સ્મૃતિભેટ અને રોકડપુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવશે.

પ્રજાસત્તાક પર્વઅને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સમગ્ર લિંબાયતઝોન વિસ્તારમાં સંકલિત સફાઈ ઝુંબેશ અભિયાન રાખવામાં આવેલ છે. તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ નિલગીરી ગ્રાઉન્ડની બાજુમાં, સુમન શાળા ક્રમાંક–૫માં હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણી માટે લિંબાયત ઝોન વિસ્તારની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા દેશભકિતને ઉજાગર કરતા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં ઉત્સાહભેર જોડાવા સુરત મહાનગરપાલિકા અપીલ કરે છે.

૧૬૯૦

## -: પ્રેસનોટ :-

ભારત સરકારશ્રીના આદેશ મુજબ બાળલકવા નાબુદી અભિયાન હેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં "નેશનલ ઈમ્યુનાઈઝેશન ડે" અંતર્ગત પલ્સ પોલીયો કાર્યક્રમનો તાઃ ૨૯/૦૧/૨૦૧૭ થી તાઃ૦૧/૦૨/૨૦૧૭ તથા બીજો રાઉન્ડ તાઃ૦૨/૦૪/૨૦૧૭ થી તાઃ ૦૫/૦૪/૨૦૧૭ દરમ્યાન હાથ ધરવાનો છે. આ કાર્યક્રમ દરમ્યાન ૦–૫ વર્ષ સુધીના બાળકોને પ્રથમ દિવસે નકકી કરવામાં આવેલ રસીકરણ બુથ ઉપર તથા બીજા,ત્રીજા અને ચોથા દિવસે ઘરે–ઘરે ફરી પોલીયોની રસી પીવડાવવામાં આવશે.

આ કાર્યક્રમનાં અમલીકરણ માટે સ્થાયી સમિતીનાં ચેરમેન શ્રી.રાજેશ દેસાઈનાં અધ્યક્ષસ્થાને તાઃ૨૪/૦૧/૨૦૧૭ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાના નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી.જેમાં આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા, ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ, આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક,એન.પી.એસ.પી.(ડબ્લ્યુએચઓ)નાં સર્વેલન્સ મેડીકલ ઓફીસરશ્રી ડો.ચિરાગ વાલીયા,ઈ.ચા.મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ(સ્મીમેર) ડૉ.વંદના દેસાઈ,તમામ ઝોનનાં નાયબ આરોગ્ય અધિકારી,પ્રોગ્રામ ઓફિસર (Evin),ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના (પી.એસ.એમ વિભાગ) એસો.પ્રોફેસર,ગર્વમેન્ટ મેડીકલ કોલેજ તથા સ્મીમેરના (પીડીયાટ્રીક વિભાગ) એસો.પ્રોફેસર તેમજ એન.જી.ઓ.માં ગુજરાત ગેસનાં પ્રતિનિધિ,જીએસઆરટીસીના પ્રતિનિધિ તથા અન્ય અધિકારી– કર્મચારીઓ હાજર રહયા હતા.

પ્રારંભે ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો.હેમંત દેસાઈએ આમંત્રિતોનું સ્વાગત કર્યુ હતુ તથા કાર્યક્રમ અંગે પ્રાથમિક માહિતી આપતા જણાવ્યુ હતું કે, આ કાર્યક્રમ હેઠળ ૩૬ ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર, ૨૯૯૧ ઈમ્યુનાઈઝેશન ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા મારફતે કરવામાં આવતી કામગીરી તથા પલ્સ પોલિયો કાર્યક્રમના આયોજન બાબતે જાણકારી આપી હતી.સને ૧૯૯૫ થી અત્યાર સુધી પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન પોગ્રામના ૬૭ તથા માઈગ્રેટેડ પોપ્યુલેશન ધરાવતા વિસ્તારમાં ૪૦ રાઉન્ડ મળી કુલ ૧૦૭ રાઉન્ડ હાથ ધરવામાં આવ્યા છે. જેમાં ૦–૫ વર્ષના બાળકોના લક્ષ્યાંકની સામે ૧૦૦ ટકા કામગીરી હાંસલ કરવામાં આવે છે.આ રાઉન્ડમાં પણ ૧૦૦ ટકા સિધ્ધી હાંસલ થાય તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

આરોગ્ય અધિકારી ડો.આશિષ નાયક એ સુરત મહાનગરપાલિકા દ્વારા જરૂરી કાર્યક્રમનો પ્રચાર પ્રસાર વધુ થાય તે માટે વર્તમાન પત્રોમાં જાહેરાત,બીલ બોર્ડ, બેનર,પ્રચાર પત્રિકા,કઠપુતળીના કાર્યક્રમો, આકાશવાણી પર જાહેરાત,સિનેમા/સ્થાનિક ચેનલો મારફતે પ્રચાર,પ્રચાર વાહનો, રીક્ષાની વ્યવસ્થા કરવામાં આવી છે.મોલ,શોંપીગ સેન્ટર,બગીચાઓ, ફુટપાથ, ટેમ્પરરી વસાહતો, માર્કેટ, ધાર્મિક સ્થળોએ મોબાઈલ ટીમ મારફતે કામગીરી કરાવવામાં આવશે.એન.જી.ઓ.ને પોતાના વિસ્તારમાં સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપે તેવો અનુરોધ કર્યો હતો.

એન.પી.એસ.પી.(ડબ્લ્યુએચઓ)નાં સર્વેલન્સ મેડીકલ ઓફીસરશ્રી ડો.ચિરાગ વાલીયાએ કાર્યક્રમ સબંધી પોતાનુ પ્રેઝેન્ટેશન રજુ કરેલુ હતું.

આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા એ પ્રવચનમાં જણાવ્યું હતું કે,૧૯૯૫ થી આ પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમ કરવામાં આવે છે. શહેર,રાજય તથા દેશની ભાવી પેઢીને ઉજજવળ બનાવવા માટે આ કાર્યક્રમને સફળતા મળે તે માટે દરેક પદાધિકારી,અધિકારી/કર્મચારી તથા કાર્યકરોએ

પોતાની નૈતિક ફરજ સમજી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.આગામી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

સ્થાયી સમિતીનાં ચેરમેન શ્રી.રાજેશ દેસાઈ ,પલ્સ પોલીયો ઈમ્યુનાઈઝેશન કાર્યક્રમમાં દરેકનું "ડેડીકેશન" જરૂરી છે– તો કાર્યક્રમને સફળતા મળે.જેથી દરેક પદાધિકારી, અધિકારી/કર્મચારી તથા કાર્યકરોએ પોતાની નૈતિક ફરજ સમજી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા અનુરોધ કર્યો હતો.આગામી કાર્યક્રમને સફળતાપૂર્વક પાર પાડવા શુભેચ્છા વ્યકત કરી હતી.

કાર્યક્રમના અંતમાં આરોગ્ય અધિકારીશ્રી ડો.આશિષ નાયક એ મીટીંગમાં ઉપસ્થિત રહેવા બદલ તમામનો આભાર વ્યકત કર્યો હતો.



તા:૨૪/૦૧/૨૦૧૭ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નવા સ્થાયી સમિતી ખંડમાં સ્ટીયરીંગ કમિટિની મીટીંગ રાખવામાં આવેલી હતી.જેમાં સ્થાયી સમિતીના ચેરમેન શ્રી.રાજેશ દેસાઈ, આરોગ્ય સમિતીના અધ્યક્ષ શ્રી.અનીલ બીસ્કીટવાલા,ડે.કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પીટલ)ડો.હેમંત દેસાઈ, આરોગ્ય અધિકારી ડા.આશિષ નાયક દશ્યમાન છે.

૧૬૯૧

# : પ્રેસ નોટઃ

## ઈ.ડબલ્યુ.એસ. આવાસોના બાકી માગણાં બાબતે

સુરત મહાનગર પાલીકાના પૂર્વ ઝોન (વરાછા) કાર્યક્ષેત્ર હેઠળના ટી.પી. –૧૬(કાપોદ્રા) ફા.પ્લોટ–૪૭ં ખાતે આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસોનાં બાકી નાણાં વસુલાત માટે આજરોજ આસી.મ્યુ.કમિશ્નરશ્રી પૂર્વઝોન(વરાછા), એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફીસરશ્રી તેમજ સબંધિત ખાતાના કર્મચારીઓ ધ્વારા સામૂહિક ઝુંબેશ કરવામાં આવેલ. જેમાં ૫૪૪ જેટલા આવાસ ધારકો પાસેથી રૂા. ૫,૧૦,૦૦૦/– થી વધુ સ્થળ ઉપર વસુલવામાં આવેલ છે.

પૂર્વઝોન (વરાછા) કાર્યક્ષેત્રમાં આવેલ ઉકત આવાસમાં બાકી હપ્તાની વસુલાત કરવાની કામગીરીહાથ ધરવામાં આવેલ છે. જેથી સદર વિસ્તારમાં આવેલ ઈ.ડબલ્યુ.એસ. આવાસના બાકી હપ્તાની રકમ સમયસર ભરપાઈ કરવા અરજદારોને જમીન મીલકત વિભાગના વરાછાઝોન ઓફીસનો સંપર્ક કરવા જાહેર જનતાને અનુરોધ છે.

૧૬૯૨

# પ્રેસનોટ

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઝોન(ઉધના)ધ્વારા બાકી મિલકત વેરાની મિલકતોને સીલ કરી વસૂલાત કરી

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન(ઉધના)માં સમાવિષ્ટ પાંડેસરા જી.આઈ.ડી.સી વિસ્તારના બાકી મિલકતવેરા સંદર્ભે આકરણી અને વેરા વસૂલાત અધિકારીની  નિગરાની હેઠળ વેરાવસૂલાતની ઝુંબેશ કરી બાકી વેરા સંદર્ભે કરદાતા ઓની ૨૬ મિલકતો સીલ કરવામાં આવેલ અને સ્થળ ઉપર વેરો ભરપાઈ કરતા ૨૦ મિલકતોને કરવામાં આવેલ સીલ ખોલી આપવામાં આવેલ, સદર ઝુંબેશ દરમ્યાન કુલ્લે રૂા.૩૨,૭૭,૦૦૦/– ની વસૂલાત કરવામાં આવેલ છે.

આથી ઉધના વિસ્તારનાં તમામ મિલકતદારોને તાકીદ કરવામાં આવેલ છે કે તમારી મિલકતોનાં બાકીવેરા તાકીદે સુરત મહાનગરપાલિકામાં જમા કરાવી દેશો.

૧૬૯૩

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૪/૦૧/૨૦૧૭ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથ ઝોન(ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન(ઉધના) માં મોજે ભેદવાડ, પ્રમુખ પાર્ક ઈન્ડ. ના સુરત નવસારી રોડને લાગુ સુરત મહાનગરપાલિકા હસ્તકના સી.ઓ.પી.ખુલ્લી જગ્યામાં આશરે ૪૫ જેટલા કાચા ઝુંપડાઓનું દબાણ હતું જે અન્વયે તા.૨૩/૦૧/૨૦૧૭ ના રોજ આશરે ૧૫ કાચા ઝુંપડાઓ તેમજ તા.૨૪/૦૧/૨૦૧૭ના રોજ આશરે ૩૦ કાચા ઝુંપડાઓનું દબાણ દુર કરી ૪૫૦૦ ચો.ફુટ સી.ઓ.પી.ની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

સાઉથ ઝોન(ઉધના)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૭ (જીઆવ–સોનારી–ગભેણી) માં હયાતનગર જંકશનથી સચીન–મગદલ્લા રોડને જોડતા ૩૦.૦૦મી. ટી.પી.રોડના માર્જીનની જગયામાં ૨૫૦ ચો.ફુટ ચણતર તથા કોલમનું સેનટીંગ/શટરીંગ દુર કરી કોલમ–૨ જપ્ત કરવામાં આવેલ.,

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૧૬૯૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૪.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૫** ફાઈલના **રૂા.૦.૨૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૩ લોકેશન (ખાડા) ૭૦૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૫૦.૨૧** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૭** લોકેશન (ખાડા) **૪૩૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૦૯** લોકેશન, **૩૦૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** સાઉથ ઝોન (ઉધના) માં ભેસ્તાન કોમ્યુનીટી હોલ પાસેથી ૧ લારી તેમજ ભેસ્તાન ચાર રસ્તા વિસ્તારમાંથી ૯૫ બોર્ડ,બેનર દુરકરવામાં આવેલ. તથા **રૂા.૪૦૦૦/–** વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તેમજ સાઉથ ઝોન(ઉધના) માં મોજે ભેદવાડ, પ્રમુખ પાર્ક ઈન્ડ. ના સુરત નવસારી રોડને લાગુ સુરત મહાનગરપાલિકા હસ્તકના સી.ઓ.પી.ખુલ્લી જગ્યામાં આશરે ૪૫ જેટલા કાચા ઝુંપડાઓનું દબાણ હતું જે અન્વયે તા.૨૩/૦૧/૨૦૧૭ ના રોજ આશરે ૧૫ કાચા ઝુંપડાઓ તેમજ તા.૨૪/૦૧/૨૦૧૭ના રોજ આશરે ૩૦ કાચા ઝુંપડાઓનું દબાણ દુર કરી **૪૫૦૦ ચો.ફુટ** સી.ઓ.પી.ની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. તેમજ સાઉથ ઝોન(ઉધના)માં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૭(જીઆવ–સોનારી–ગભેણી)માં હયાતનગર જંકશનથી સચીન–મગદલ્લા રોડને જોડતા ૩૦.૦૦મી. ટી.પી.રોડના માર્જીનની જગયામાં ૨૫૦ ચો.ફુટ ચણતર તથા કોલમનું સેનટીગ/શટરીગ દુર કરી ૨ કોલમ જપ્ત કરવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૩**, પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧,૩૫૫/–** વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૦** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૧૫.૭૦** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૫.૯૧** લાખ થયેલ છે., **૧૦** EC તથા **૦૬** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૩૬૫/–** વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૯૮** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૩** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૮** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૬૨.૩૦૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૪૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૮,૩૦૦/–** છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૫૯૫** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૦૨૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૬૦** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૩૭** કરવામાં આવેલ છે. જયારે **૩૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૧૬૯૫

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૭/૦૧/'૧૭ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન અશક્તા આશ્રમ હોસ્પિટલની સામે, લેઉવા પાટીદાર પંચની વાડી, રામપુરા, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૬૯૬

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતે તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ સુધી આયોજીત સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો"વિદ્યા–૨૦૧૭" રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો"સુમન–૨૦૧૭" શિલ્પગ્રામ મેળો" શિલ્પગ્રામ–૨૦૧૭"નું ઉદ્દ્ઘાટન માન.અધ્યક્ષ,ગુજરાત સાહિત્ય અકાદમી શ્રી ભાગ્યેશભાઈ જહા ના વરદ્દહસ્તે તથા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના પ્રમુખ પદે આજરોજ સંપન્ન કરવામાં આવેલ

કાર્યક્રમનો શુભારંભ તમામ મંચસ્થ મહાનુભાવો ધ્વારા દીપ પ્રાગ્ટયથી કરવામાં આવેલ.

માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા ૧૬ મો સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો "વિદ્યા–૨૦૧૭" ૧૪ મો રાષ્ટ્રીય બાગાયત હર્બલ મેળો અને ફલાવર શો"સુમન–૨૦૧૭" અને ૬થો" શિલ્પગ્રામ–૨૦૧૭" નું આયોજન કરવામાં આવેલ છે.શહેરના નગરજનો વાંચન કરે અને પુસ્તકના મહત્વને સમજે એ જ પુસ્તક મેળાનો મુખ્ય હેતુ છે.સુરત શહેરના વિવિધ વાંચનલયો,શહેરની મધ્યસ્થ લાયબ્રેરીનો વધુને વધુ લાભ લઈને પોતાના બાળકોમાં વધુ સારા સંસ્કારોનુ સિંચન કરે તે જરૂરી છે.આજના આ પુસ્તક મેળાનું મહત્વ એ છે કે જ્ઞાનનો વધુને વધુ ફેલાવો કરી શકાય. તમેણે વધુમાં જણાવ્યું કે પુસ્તકો સાંસ્કૃતિક વારસો છે.સંપતિ ન હોય તો ચાલે પણ પુસ્તકો તો હોવા જ જોઈએ.સારુ જીવન દષ્ટિ અને સંસ્કાર માટે પુસ્તકો ઘણા જ ઉપયોગી છે.ઘણા મહાન વ્યકિતઓના નિર્માણમાં પુસ્તકોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.ભાષાનું જતન કરવાનું કામ પુસ્તકો કરે છે.સુરત મહાનગરપાલિકામાં ૧૪૮ થી વધારે ગાર્ડન અને શાંતિકુંજ છે શહેરના લોકો વધુને વધુ વૃક્ષો વાવે અને પર્યાવરણના વિકાસમાં સહભાગી બને તે બદલ અપીલ કરી હતી. આ વર્ષે પુસ્તક મેળામાં કુલ–૨૦૧ સ્ટોલ રાખવામાં આવેલ છે.જેમાં વિદ્યા–૮૧ સ્ટોલ, શિલ્પગ્રામ–૨૨, હોર્ટીકલ્ચર નર્સરી/સાધન સમાગ્રી–૩૨ સ્ટોલ,વન વિભાગ–૪૪,વિના મૂલ્યે (સરકારી વિભાગો, સંસ્થા, એનજીઓ વિગેરે)–૧૭,સુ.મ.પા.ના વિવિધ વિભાગ–૦૫ સ્ટોલ મળી કુલ–૨૦૧ સ્ટોલ રાખવામાં આવેલ છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી દક્ષેશભાઈ ઠાકરે તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતુ કે માણસે હંમેશા વિચારોનું વાવેતર કરવું જોઈએ અને આ વિચારોનું વાવેતર કરવાનું કામ પુસ્તકો કરે છે.વિચારોની દરિદ્રતા કોઈ પણ દેશ કે રાજયને પરવડે તેમ નથી

માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતુ કે પુસ્તક મેળો એ સુરત શહેરના ઘરેણા સમાન છે.સુરત મહાનગરપાલિકાએ પાયાની સુવિધા સાથે પુસ્તક ધ્વારા જ્ઞાન મળે તે વ્યવસ્થા પણ કરી છે.સુરત શહેર બ્યુટીફીકેશન તરફ આગળ વધી રહયું છે વધુમાં તેમણે જણાવ્યું હતું કે કોઈ લેખકના પુસ્તકનું વિમોચન પણ પુસ્તકમેળામાં કરવામાં આવે તેવું સુચન કર્યુ હતુ.

માન.દંડક,ગુજરાત સરકાર શ્રી અજયકુમાર ચોકસીએ તેમના ઉદ્દ્બોધનમાં જણાવ્યું કે સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળાના આયોજનથી લોકોને સાંરુ સાહિત્ય મળી રહે છે લોકોમાં જાગૃતતા આવે છે અને પુસ્તકો

ધ્વારા સારા સંસ્કારોનું પણ સિંચન કરી શકાય છે.પુસ્તકો જ આપણા સાચા મિત્ર છે તે આપણને યોગ્ય ગાઈડ લાઈન પુરી પાડે છે.જીવનના કોઈપણ પ્રશ્નનો હલ પુસ્તકો માંથી મળી રહે છે

પર્યાવરણમાં પ્રદુષણ વધતુ જાય છે આ સમસ્યાના નિવારણ માટે પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનો ઉછેર કરવો જરૂરી છે.સુરત મહાનગરપાલિકાએ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કુંડા મુકીને જે પર્યાવરણ વિકાસ માટે જે કાર્ય કરી રહી છે તે ઘણું જ અદ્ભુત છે.લોકો ટેરેસ ગાર્ડન પણ બનાવે છે દરેક લોકોએ વૃક્ષો ઉછેરવા જોઈએ

માન.અધ્યક્ષ,ગુજરાત સાહિત્ય અકાદમી શ્રી ભાગ્યેશભાઈ જહાએ તેમના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે ગુજરાતીભાષા મારી "માં " છે.,હિન્દીભાષ મારી "માસી" છે.,સંસ્કૃતભાષા મારી "દાદીમાં" છે.,અને અંગ્રેજીભાષાએ "મારી પડોશમાં રહેતી રૂપાળી વિદેશી નારી છે" પણ મને ઊંઘ ન આવે તો હાલરડું તો ગુજરાતીમાં જ મારી માં જ ગાઈ અર્થાત ગુજરાતી ભાષાએ મારી માં અને મને પેટમાં દુઃખે તો બેટા સુંઠ અને ગોળ ખાઈ લે એવુ તો મારા દાદીમાં એટલે સંસ્કૃત જ કહે. સુરત શહેરના લોકોની ખરી ઓળખ તેમનુ હાસ્ય છે.સુરત શહેર રાજયનું આર્થિક પાટનગર કહેવાય છે.આ પુસ્તક મેળામાં હું ઘણીવાર વકતા તરીકે આવ્યો છુ આજે પહેલી વખત મને મારા નામનો અર્થ સમજાઈ ગયો હું ભાગ્યેશ છુ એટલે આ મારું સદભાગ્ય છે હું આજે આપશ્રીની વચ્ચે ઉદ્‌ઘાટક તરીકે પણ આવી શકયો છુ.ગુજરાતી ભાષાને બચાવવી જરૂરી છે. અંગ્રેજી શીખવી જ જોઈએ પણ ગુજરાતીના ભોગે નહિં,આપણું ભાષા અભિમાન વધે તે માટે આપણે સંકલ્પ કરવો જોઈએ.દુનિયાના તમામ આંતરરાષ્ટ્રીય મથકો પર ગુજરાતી ભાષા હોવી જ જોઈએ એ લક્ષ્યાંક હાંસલ કરવો છે એ માટે સંકલ્પ કરવો પડશે.પુસ્તકો એ જે તે શહેરનો રીડીંગ એજન્ડા છે.જેટલી તાકાત ગુજરાતી ભાષામાં છે તે અન્ય ભાષામાં નથી ગુજરાતી ભાષાનો ફેલાવો સમગ્ર દેશમાં જ નહિ પણ સમગ્ર દુનિયામાં ફેલાવો કરવો જોઈએ ગુજરાતી ભાષાનું જ્ઞાન આપણામાં ત્યારે જ આવશે જયારે તેઓ ગુજરાતીમાં વાંચન વધશે.આજના કોમ્પ્યુટરાઈઝ્ જમાનામાં પોતાના બાળકોને ગુજરાતી ભાષાના પુસ્તકોનું વાંચન કરે એ જરૂરી છે.

સુરત મહાનગરપાલિકા બજેટમાં પુસ્તકોને પણ મહત્વ આપે છે.પુસ્તકો મનુષ્યની ચેતનાને સ્પર્શ કરે છે.પુસ્તકો આપને અખંડિતા આપે છે.

માન.અધ્યક્ષ,ગુજરાત સાહિત્ય અકાદમી શ્રી ભાગ્યેશભાઈ જહાનું માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયા તેમજ માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને સાલ તથા પુસ્તક આપી સ્વાગત કરેલ તથા અન્ય મંચસ્થ મહાનુભાવોનું પણ પુસ્તક અર્પણ કરી સ્વાગત કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે ડે.મયેર શ્રી શંકરલાલ ચેવલીએ ઉપસ્થિત મહેમાનનો આભાર કર્યો હતો.

આ પ્રસંગે માન.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, માન.શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતિનભાઈ ભજીયાવાલા, માન.પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શનીબેન કોઠીયા, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા,માજી.મેયર શ્રી કનુભાઈ માવાણી,માજી.મેયર શ્રી રાજુભાઈ દેસાઈ,શિક્ષણ સમિતિ ચેરમેન શ્રી હસમુખભાઈ પટેલ,માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન, વિવિધ સમિતિના ચેરમેનશ્રી, મ્યુ.સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ,પત્રકારમિત્રો/પ્રકાશકો તથા મોટી સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.


विद्या
The World of Books
૧૯મો
સ્વામી વિવેકાનંદ
રાષ્ટ્રીય પુસ્તક મેળો
सुमन
૧૪મો
હર્બલ મેળો
અને ફ્લાવર શો
SHILP
GRAM
૯ઠ્ઠી
શિલ્પ ગ્રામ મેળો
૨૫ થી ૨૯ જાન્યુઆરી ૨૦૧૭



૧૬૯૭

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **" ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૫/૦૧/૧૭ના રોજ આંગણવાડી વિસ્તારમાં સફાઈ ઝુંબેશ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૫/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ આંગણવાડીમાં અંદર તથા બહારનાં ભાગે ધનિષ્ઠ સફાઈ કામગીરી કરાવી કચરો કચરા મિશ્રીત માટીનાં ઢગલાઓનો નિકાલ કરાવી જંતુનાશક પાઉડરનો છંટકાવ કરાવવામાં આવ્યો હતો.ત્યારબાદ ભાગ લીધેલ તમામ સ્ટાફ આરોગ્યલક્ષી શિક્ષણ તેમજ ભીનો/સુકો કચરાનાં નિકાલ માટે અલગ અલગ ડસ્ટબીન રાખવાની સમજ આપવામાં આવેલ હતી.

| આંગણવાડીની સંખ્યા | સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર | | | નિકાલ કરેલ કચરો (મે.ટન) | જંતુનાશક પાવડર(કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| | આંગણવાડીકાર્યકર્તાઓ/ વિધાર્થીઓ | સુપરવાઈઝર | કામદાર | | |
| 63 | 436 | 21 | 72 | 0.754 | 185 |

વધુમાં સફાઈ ઝુંબેશમાં ભાગ લેનાર વિધાર્થીનીઓને સ્વચ્છતા રાખવા તેમજ ભીનો/સુકો કચરો અલગ અલગ ડસ્ટબીનમાં રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૨૫/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન (૧) કોમ્યુનિટી હોલ, ભેસ્તાન BRTS સામે, ઉન હેલ્થ સેન્ટર પાસે, ભેસ્તાન, સુરત તથા (૨) સ્વામીનારાયણ મંદિર, છાપરાભાઠા, અમરોલી રોડ, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. ભેસ્તાન કોમ્યુનીટી હોલ ખાતે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમના સંદર્ભમાં પ્રાસંગીક ઉદબોધન કરતા ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યુ કે 'સેવાસેતુ' કાર્યક્રમ નાના માણસોના હિત માટે યોજવામાં આવે છે. લોકોને નાના–નાના કામો માટે સેવા મેળવવા વિવિધ કચેરીઓમાં ધકકા ખાવા પડતા. 'સેવાસેતુ' કાર્યક્રમ થકી એક જગ્યાએ લાભ મળી રહેતા લોકોના સમય અને ખર્ચમાં બચત થાય છે. કાર્યક્રમમાં શાસકપક્ષના નેતા શ્રી ગીરજાશંકર મીશ્રાએ ઉદબોધન કરતા જણાવેલ કેન્દ્ર સરકાર આ વર્ષની "ગરીબ કલ્યાણ વર્ષ" તરીકે ઉજવણી કરી રહી છે ત્યારે રાજય સરકાર અને સુરત મહાનગર પાલીકા પણ એક પછી એક કાર્યક્રમનુ આયોજન કરી ગરીબ વ્યકિતને મુખ્ય પ્રવાહમાં જોડવા પ્રયાસ કરી રહી છે. પહેલા ગરીબ લોકોને સરકારના વિવિધ પ્રમાણપત્રો મેળવવા વિવિધ કચેરીએ જવુ પડતુ. સેવાસેતુ કાર્યક્રમ થકી લોકોના વિસ્તારમાં જઈ લોકોને સેવા પુરી પાડવાનો સુરત મહાનગર પાલીકાનો પ્રયાસ છે. વધુમાં લોકોને બીજા લોકો લાભથી વંચિત ન રહે તે માટે તેમને લાભ લેવા જણાવવા અપીલ કરી હતી.

છાપરાભાઠા સેવાસેતુ કાર્યક્રમમાં પ્રાસંગીક ઉદબોધન કરતા ઓલપાડ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલે જણાવ્યુ કે સુરત મહાનગર પાલીકા વિવિધ વોર્ડમાં સેવાસેતુ કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવી રહયુ છે. થોડા સમય બાદ ધો. ૧૦ અને ધો. ૧૨ પછી વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા વિવિધ પ્રમાણપત્રોની જરૂરીયાત પડશે. આ કાર્યક્રમ થકી લોકોને આ વિવિધ પ્રમાણપત્રો મેળવવામાં સરળતા રહેશે તથા તેના સમય અને ખર્ચમાં બચત થશે. કાર્યક્રમમાં ડે. મેયરશ્રી શંકરલાલ ચેલવીએ જણાવ્યુ કે સુરત મહાનગર પાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન સામાન્ય લોકોને તેમના જરૂરી પ્રમાણપત્ર સ્થળ પર જ મળી રહે તથા ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે ઉદેશથી વિવિધ વિસ્તારમાં કરવામાં આવી રહયુ છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય મેયરશ્રી અસ્મિતાબેન શીરોયા, સાંસદશ્રી દર્શનાબેન જરદોસ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી રાજેશભાઈ દેસાઈ, શિક્ષણ સમીતીના ચેરમેનશ્રી હસમુખભાઈ પટેલ, ડે. કમીશનરશ્રી એમ. નાગરાજન તેમજ મ્યુ. સદસ્યશ્રીઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા બંને કેમ્પ મળીને દિવસ દરમ્યાન કુલ ૪૭૯૩ લાભાર્થીઓએ આવકનો

દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.













૧૬૯૯

# –: પ્રેસનોટ :–

## ''મહાત્મા ગાંધી નિર્વાણદિન''

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને નિમંત્રણ છે.

૧૭૦૦

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ " **ગર્લ ચાઈલ્ડ ડે**" થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૬/૦૧/૧૭ના રોજ સ્વચ્છતાના સુત્રો સાથે શાળાઓમાં પ્રભાત ફેરી કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૬/૦૧/૧૭નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ શાળાના આર્ચાયશ્રી તથા આરોગ્ય વિભાગની સંયુકત ટીમો બનાવી નાગરીકોને સાંકળી સ્વચ્છતા અંગેની પ્રભાતફેરી, રેલીનું ભવ્ય આયોજન તથા શહેરમાં સઘન અને અસરકારક સફાઈ અંગેનો બહોળો પ્રચાર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ભાગ લીધેલ તમામ નાગરીકોને ભીનો/સુકા કચરાનાં નિકાલ માટે અલગ અલગ ડસ્ટબીન રાખવાની સમજ આપવામાં આવેલ હતી.

| શાળાની સંખ્યા | આર્ચાયો/શિક્ષકોની સંખ્યા | પ્રભાતફેરીમાં ભાગ લેનાર વિધાર્થી/નાગરીકોનીસંખ્યા | સુપરવાઈઝરની સંખ્યા | કામદારની સંખ્યા | જંતુનાશક દવા (કિ.ગ્રા.) | નિકાલકરેલ કચરો(મે.ટન) |
|---|---|---|---|---|---|---|
| 28 | 14 | 314 | 28 | 84 | 427 | 1.595 |

વધુમાં પ્રભાતફેરીમાં ભાગ લેનાર વિધાર્થીઓ, નાગરીકોને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૦૧

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૮/૦૧/'૧૭ ને શનિવારના રોજ સવારે ૯:00 થી ૫:00 કલાક દરમ્યાન નીલગીરી ગ્રાઉન્ડ, લીંબાયત, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૭૦૨

# પ્રેસનોટ

## "સેવાસેતુ"

રાજ્ય સરકારશ્રી ધ્વારા અમલીકૃત અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવુતિઓ તથા વહીવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોક્કસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તે હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો ધ્વારા સ્થળ પર જ ઉકેલ લાવી શકાય તે માટે તા.૨૯/૦૧/'૧૭ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન એલ.પી.સવાણી સ્કુલ, હનીપાર્ક રોડ, એલ.પી.સવાણી સર્કલ, અડાજણ, **સુરત ખાતે** સુરત મહાનગરપાલિકા ધ્વારા "સેવાસેતુ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં લાગત વિભાગ ધ્વારા આવક/જાતિ, ક્રીમીલેયર, ડોમીસાઈલ અંગેના દાખલા, રાશનકાર્ડ, આધારકાર્ડ, માં અમૃતમ, માં વાત્સલ્ય કાર્ડ, વિધવા સહાય, નિરાધાર વુધ્ધ સહાય, દીવ્યાંગતા પ્રમાણપત્ર, સીનીયર સીટીઝન પ્રમાણપત્ર, પ્રોપટી ટેક્ષ, ગુમાસ્તા ધારા, જન્મ મરણના દાખલા, બેંકેબલ યોજનાઓ, પ્રધાનમંત્રી જનધન યોજના , સમાજકલ્યાણ વિભાગની યોજના, વિગેરે અંગે લોકોની રજૂઆતોનો સ્થળ ઉપર નિકાલ કરવામાં આવશે. જેનો લાભ લેવા નજીકના વોર્ડ/વિસ્તારના શહેરીજનોને અપીલ છે.

૧૭૦૩

# પ્રેસ નોટ

ફેબ્રુઆરીનાં ત્રીજા અઠવાડિયામાં સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીમાં એસ્ટ્રો ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવનાર છે. આ પ્રદર્શનમાં એસ્ટ્રોનોમી વિષય અંતર્ગત આકાશગંગા, સૂર્યમંડળના સભ્યો (સૂર્ય,ચંદ્ર,ગ્રહો,ધૂમકેતુ), તારાસહ રાત્રિઆકાશ, સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફ પ્રદર્શિત કરવામાં આવશે જે માટે રજીસ્ટ્રેશન ફોર્મ સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ www.suratmuncipal.gov.in ખાતેથી તા.૦૩ ફેબ્રુઆરી ૨૦૧૭ સુધી ઉપલબ્ધ રહેશે. આ એસ્ટ્રો ફોટોગ્રાફ ને સાયન્સ સેન્ટર સુરત ખાતે તા.૦૫ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ સાંજે ૫:૦૦ કલાક સુધી જમા કરાવી શકાશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા
નં.પી.આર.ઓ./ 1703
તા.૨૭/૧/૧૭

૧૭૦૪

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારતના શહેરો, ગામડાઓમાં તથા વિવિધ કચેરીઓમાં સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

માહે જાન્યુઆરી ૨૦૧૭ની તા.૧૬/૦૧/૧૭ થી તા.૩૧/૦૧/૧૭ની થીમેટીક ડ્રાઈવ મુજબ તા.૨૪/૦૧/૧૭નાં રોજ **" ગર્લ ચાઈલ્ડ ડે"** થીમ નિમીતે સરકારશ્રી દ્વારા તા.૨૭/૦૧/૧૭ના રોજ આંગણવાડીના કાર્યકર, હેલ્પર તથા લાભાર્થીઓનું મેડીકલ ચેકઅપ કરવા માટે જણાવવામાં આવેલ હતું.

જે અંતર્ગત તા.૨૭/૦૧/૧૬ના રોજ સુરત મહાનગરપાલિકાના ઝોન વિસ્તારમાં આવેલ આરોગ્ય વિભાગ, આઈ.સી.ડી.એસ., અર્બન હેલ્થ સેન્ટરની ટીમો બનાવી આંગણવાડી કાર્યકર, હેલ્પર અને ફરજ બજાવતા કર્મચારીઓ, લાભાર્થીઓનું મેડીકલ ચેકઅપ કરવામાં આવ્યું હતું.

| આંગણવાડીની સંખ્યા | મેડીકલ ચેકઅપ થયેલ કાર્યકર, હેલ્પર તથા લાભાર્થીઓ, કર્મચારીની સંખ્યા | સુપરવાઈઝર |
|---|---|---|
| 75 | 654 | 21 |

વધુમાં મેડીકલ ચેકઅપમાં ભાગ લેનાર કાર્યકર, હેલ્પર તથા લાભાર્થીઓને સ્વચ્છતા રાખવા બાબતે આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવી હતી.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૧૭૦૫

# :: પ્રેસનોટ ::

**સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાકદિન : ૨૬મી જાન્યુઆરી ૨૦૧૭ની ભવ્ય ઉજવણી**

ભારતના રાષ્ટ્રીયપર્વ પ્રજાસત્તાક દિન : ૨૬મી જાન્યુઆરી–૨૦૧૭ની ઉજવણી અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે લીંબાયત ઝોન : વોર્ડ નં.૨૫, નીલગીરી ગ્રાઉન્ડ, નીલગીરી સર્કલ પાસે, લીંબાયત, સુરત ખાતે ધ્વજવંદન, સન્માન સમારોહ અને દેશભકિતસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ્રજાસત્તાક પર્વની ખુશનુમા પ્રભાતે લિંબાયત ઝોન વિસ્તારની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓના વિદ્યાર્થીઓની પ્રભાત ફેરી નવાનગર થી વિનુબાનગર સોસાયટીમાં ફરી મુખ્યમાર્ગ થઈ નિલગીરી સર્કલ થઈ ધ્વજવંદન સ્થળે, જવાહરનગરથી સાંઈબાબા મંદિર થઈ ધ્વજવંદન સ્થળે, પદમાવતી સોસાયટી થી મદીના મસ્જીદ થઈ સુભાષનગર થઈ જંગલશાબાવા દરગાહ થી મીઠીખાડી મેઈન રોડ થઈ મારૂતિનગર સર્કલ થઈ અને જલારામ નગર થી ગોડાદરા હેલ્થ સેન્ટર થઈ મેઈન રોડ થઈ નીલગીરી સર્કલ પાસેના ધ્વજવંદન સમારોહ સ્થળે આવતાં રાષ્ટ્રભકિતસભર વાતાવરણમાં માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ ફાયર અને વોચ એન્ડ વોર્ડ વિભાગના જવાનોની પરેડ સાથે રાષ્ટ્રની આન, બાન અને શાન સમા ત્રિરંગાને રાષ્ટ્રગાન સાથે લહેરાવી સન્માનપૂર્વક સલામી આપી હતી. માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ પ્રસંગોચિત્ત ઉદબોધનમાં પ્રારંભે ૬૮માં પ્રજાસત્તાક પર્વની શુભેચ્છા પાઠવી, ભારત સરકારની ૧૦૦ સ્માર્ટ સીટી ડેવલપમેન્ટની યોજનામાં પ્રથમ ચરણમાં સુરત શહેર સ્થાન પામી, ભારત સરકારના પ્રતિષ્ઠિત ડીજીટલ ઈન્ડિયા એવોર્ડ માટે આઉટ સ્ટેન્ડીંગ ડીજીટલ ઈનીશીયેટીવ બાય લોકલ બોડી કેટેગરી અંતર્ગત સુરત મહાનગરપાલિકાને ''પ્લેટીનમ એવોર્ડ' તથા 'અર્બન મોબીલીટી ટ્રાન્સપોર્ટ એવોર્ડ મળ્યા હોવાનું જણાવેલ. બી.આર.ટી.એસ.ના નવા ઉમેરાયેલા રૂટસના વિસ્તરણને લીધે ટ્રાફિક સમસ્યા હળવી હોવાનું, વૈકલ્પિક ઉર્જા, વેસ્ટ મેનેજમેન્ટ, વૃક્ષારોપણ તથા એર્ફોડેબલ હાઉસીંગ જેવા અનેક ક્ષેત્રોમાં પાયાની સુવિધાઓ વિકસતી હોવાનું જણાવી 'તંદુસ્ત–સ્વસ્થ–સ્વચ્છ પૂર્ણ સુરત' કરવાનો નિર્ધાર કરવા જણાવેલ અને 'વીઝન ૨૦૨૦'ના અનુસંધાને શહેરમાં મેટ્રો ટ્રેન, રીવાઈટાલાઈઝેશન પોગ્રામ, ઝીરો સ્લમ, સ્માર્ટ સીટી, સરળ અને ટ્રાફીક પરિવહન વ્યવસ્થા, BRTS, સીટી બસ થકી માસ ટ્રાન્સપોર્ટેશન, પ્રદુષણ નિવારણ માટે સોલાર સીટી, ગ્રીનસીટી, આઉટર રીંગ રોડ જેવી વિવિધ સુવિધાઓના આયોજનો થકી શહેરને ઝડપથી સ્માર્ટ સીટી બનાવવા જાહેર જનતાનો સહયોગ આપવા અપીલ કરી હતી. અંતે ભારતની આઝાદી માટે યોગદાન અને બલિદાન આપનાર પુણ્યાત્માઓ અને શહીદોને શ્રધ્ધાંજલિ અર્પી, પ્રજાસત્તાક પર્વની શુભકામના અને હર્ષોલ્લાસ સાથે ત્રિરંગી ફુગ્ગાઓને અનંત ગગનમાં વિહરતા કર્યા હતા.

પ્રજાસત્તાક દિનની ઉજવણી અંતર્ગત તા.૧૦/૦૧/૨૦૧૭ના રોજ ન.પ્રા.શાળા નં.૨૪૬, ૨૪૭ ખાતે યોજાયેલ ચિત્રકામ અને નિબંધ સ્પર્ધાના વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ શહેરના ૬૮ રમતવીરોને સ્મૃતિભેટ અને રોકડપુરસ્કાર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા ત્યારબાદ માન. મેયરશ્રી અને અન્ય મહાનુભવોએ શહેરના વિવિધ રૂટો પર જનાર સીટી બસોને ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું.

પ્રજાસત્તાક દિનની લોકોના પર્વ તરીકે લોક સહયોગથી ઉજવણીમાં ધ્વજવંદનની સાથે લીંબાયત ઝોન વિસ્તારની શાળાઓના વિદ્યાર્થીઓએ રજુ કરેલ દેશભકિત અને લોકસંસ્કૃતિ પર આધારિત સાંસ્કૃતિક કાર્યકમને ઉપસ્થિત નગરજનોએ મન ભરીને માણ્યો હતો. જ્ઞાનજયોત હિન્દી વિદ્યાલયના સ્વાગત ગીતથી શરૂઆત કરી હતી. સંત તુકડોજી મહારાજ ન.પ્રા.શાળા નં.૮૨એ 'એક તેરા નામ હે સાચા.. વંદે માતરમ્' તથા વિદ્યાવિહાર સંકુલના જય હો...' દેશભકિત ગીત રજુ કરી લોકોના દિલ જીતી લીધાં હતાં. જ્ઞાનજયોત ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓએ સંસ્કૃતિને ઉજાગર કરતું લાવણી નૃત્ય રજુ કર્યુ હતું. અંતે ''જય તુ જય તુ ભારત'' ગીત પર સૌ બાળ કલાકારો જોડાતાં લોકસંસ્કૃતિ અને દેશભકિતનો અનેરો નઝારો ખડો કર્યો હતો. અંતે ''ભારત માતા કી જય''ના

ગગનભેદી જયનાદ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું. આ વિસ્તારના પ્રજાજનો સુમન શાળામાં માટે મફત હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેનો ૫૩૨ લોકોએ લાભ લીધો હતો.

રાષ્ટ્રના ગૌરવ સમા આ શાનદાર પર્વની ઉજવણીમાં સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજેશભાઈ દેસાઈ, મ્યુનિસિપલ કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ., શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રા, વિવિધ સમિતિનાં ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, મ્યુનિસિપલ અધિકારીશ્રીઓ, શિક્ષકશ્રીઓ, શાળાના વિદ્યાર્થીઓ, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના પ્રતિનિધિઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉત્સાહભેર જોડાયા હતા.




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ નીલગીરી ગ્રાઉન્ડ, લીંબાયત ખાતે આયોજીત પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરતાં બાળકો અને કાર્યક્રમ નિહાળતાં નગરજનો દ્રશ્યમાન છે.





સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ નીલગીરી ગ્રાઉન્ડ, લીંબાયત ખાતે આયોજીત પ્રજાસત્તાક દિનની ઉજવણી પ્રસંગે ઉદ્બોધન કરતાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિરલ સિધ્ધી હાંસલ કરેલ રમતવીરોને સ્મૃતિભેટ અને પુરસ્કાર એનાયત કરતાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા અને મ્યુનિ.કમિશનરશ્રી એમ. થેન્નારસન,આઈ.એ.એસ. દ્રશ્યમાન છે.

૧૭૦૬

# :: પ્રેસનોટ::

## <u>સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, રાષ્ટ્રીય બાગાયત–હર્બલ મેળો અને શિલ્પગ્રામ મેળો</u>

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૨૫/૦૧/૨૦૧૭ના રોજ પ્રાથમિક વિભાગની ચિત્રકામ સ્પર્ધા તથા તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ બપોરે તુલસી કયારા ડેકોરેશન સ્પર્ધા અને સાંજે દેશભકિત ગીત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટીશન યોજવામાં આવેલ હતી. આ તમામ સ્પર્ધામાં ૧૫૦૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં નીચે મુજબના વિજેતાઓ જાહેર થયા હતા.

| ચિત્રકામ સ્પર્ધા | | | | |
|---|---|---|---|---|
| ધો. ૧ થી ૪ | | | ધો. ૫ થી ૮ | |
| વિજેતા ક્રમ | વિજેતાનું નામ | શાળાનું નામ | વિજેતાનું નામ | શાળાનું નામ |
| પ્રથમ | રીયા જરીવાલા | ભુલકા વિહાર શાળા | પટેલ ધ્રુવી અનિલભાઈ | શ્રીમતી એસ.એચ.લોખંડવાલા શાળા |
| દ્વિતીય | રૂદ્ર ભાવેશભાઈ દવે | એકસપેરીમેન્ટલ શાળા | નિત્યા એમ.રાવલ | હીલ્સ હાઈસ્કુલ |
| તૃતીય | સાક્ષી જે. ગોંડલીયા | એમ.યુ.એસ.પ્રા. શાળા | પટેલ તક્ષ ગીરીશભાઈ | જે.એચ.અંબાણી |
| આશ્વાસન | ધ્વનિત જી.જૈન | ભુલકા વિહાર શાળા | ચૌહાણ પ્રિન્સ એ. | એસ.એચ.લોખંડવાલા પ્રા. શાળા |
| | સુથાર માહી વી. | વનિતા વિશ્રામ ગુ.મા. | પાશ્મી એમ.દેસાઈ | ભુલકાભવન શાળા |
| | વિરલ સુતરીયા | ભુલકાવિહાર શાળા | ત્વીશા પી. રામાણી | કલા મંથન આર્ટ અકાદમી |
| | પટેલ કૃતિક એમ. | શ્રીમતી વી.ડી.દેસાઈ શાળા | ધ્રુવિન એન.ગાબાણી | સ્વામિનારાયણ ગુરૂકુળ વિદ્યાલય |

| દેશભકિત આધારિત ગૃપ ડાન્સ કોમ્પીટિશન(ધો. ૫ થી ૧૨) | | તુલસી કયારા ડેકોરેશન સ્પર્ધા(ખુલ્લો વિભાગ) |
|---|---|---|
| વિજેતા ક્રમ | શાળાનું નામ | વિજેતાનું નામ |
| પ્રથમ | સાર્વજનિક પ્રાથમિક શાળા | મિનલ જાગાણી |
| દ્વિતીય | લાન્સર્સ આર્મી સ્કુલ (CBSE) | ક્રીના મોરડીયા |
| તૃતીય | સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ | પટેલ અપેક્ષા |
| આશ્વાસન | મૌની ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી મિડીયમ | દિપ્તી પટેલ |
| | લાન્સર્સ આર્મી સ્કુલ (GSEB) | પટેલ અલ્પા |
| | હિલ્સ હાઈસ્કુલ | નીતા પટેલ |
| | એલ.એચ.બોઘરા શિશુવિહાર | |

ઉપરોકત તમામ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી તથા ઉપરોકત તમામ વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, સ્થાયી સમિતિ સભ્ય ડો.જગદીશભાઈ પટેલ અને ઉપસ્થિત મહાનુભાવો/અધિકારીશ્રીઓના હસ્તે ટ્રોફી અને વિજેતા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જ્ઞાનની પરબે, પુષ્પની સુવાસે અને શિલ્પગ્રામની સથવારે યોજાયેલ વિવિધ સ્પર્ધાઓ/કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શહેરીજનોએ મહત્તમ લાભ લીધો હતો.

હવે પછી પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે નીચે મુજબની સ્પર્ધાઓ અને કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવેલ છે. જેમાં શહેરીજનોને ઉપસ્થિત રહેવા સુરત મહાનગરપાલિકા નિમંત્રણ પાઠવે છે તથા સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકોએ સમયસર ઉપસ્થિત રહેવા નોંધ લેવી.

| ક્રમ | તારીખ | સ્પર્ધા (બપોરે ૨.૦૦ કલાકે) | કાર્યક્રમો (સાંજે ૭.૦૦ કલાકે) |
|---|---|---|---|
| ૧ | તા.૨૭/૦૧/૨૦૧૭ શુક્રવાર | વારલી પેઈન્ટીંગ સ્પર્ધા (માધ્યમિક અને ખુલ્લો વિભાગ) | નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અને સુમન શાળા સેલનો સાંસ્કૃતિક કાર્યક્રમ |

| | | | |
|---|---|---|---|
| ૨ | તા.૨૮/૦૧/૨૦૧૭<br>શનિવાર | કુંડા પેઈન્ટીંગ સ્પર્ધા<br>(ખુલ્લો વિભાગ) | દિવ્યાંગ બાળકો દ્વારા ઓરકેસ્ટ્રા |
| ૩ | તા.૨૯/૦૧/૨૦૧૭<br>રવિવાર | કેન્વાસ પેઈન્ટીંગ સ્પર્ધા<br>(ખુલ્લો વિભાગ) | ગુજરાતી–હિન્દી ગીતોનો કાર્યક્રમ<br>"સુર તાલના સથવારે" સત્યેન જગીવાલા ગ્રુપ |




સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૯/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, આઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં તા.૨૬/૦૧/૨૦૧૭ના રોજ દેશભક્તિ ગીત આધારિત ડ્રામા કોમ્પીટીશન સ્પર્ધામાં ડ્રામા કરતા બાળકો તથા સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળતા નગરજનો અને વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દશ્યમાન છે.






સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૧/૨૦૧૭ થી તા.૨૭/૦૧/૨૦૧૭ દરમ્યાન વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ, અઠવાગેટ, સુરત ખાતે આયોજીત પુસ્તક મેળાના સેમીનાર હોલ ખાતે વિવિધ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તા.૨૫/૦૧/૨૦૧૭ના રોજ ચિત્રકામ સ્પર્ધામાં ભાગલેનાર સ્પર્ધકો તથા વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર એનાયત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ તથા અન્ય મહાનુભાવો દરમ્યાન છે.

૧૭૦૭

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહનના ભાગરૂપે તા.૨૬જાન્યુઆરી, ૨૦૧૭ થી સુરત સીટી બસના વધુ બે રૂટની મા. મેયરશ્રીના વરદ્ હસ્તે શરૂઆત કરવામાં આવેલ છે જેમાં (૧) ચોક થી ગોડાદરા ગામ અને (૨) લિંબાયત થી કતારગામ સુધીના કુલ અંદાજીત ૨૮ કી.મી.ના વિસ્તારને આવરી લેવામાં આવેલ છે. જેમાં હાલમાં કુલ ૧૦ સીટી બસની શરૂઆત કરવામાં આવેલ છે.

પ્રથમ પાંચ સીટી બસ રૂટોને મળેલા પ્રતિસાદને ધ્યાને રાખી (૧) ચોક થી ગોડાદરા ગામ અને (૨) લિંબાયત થી કતારગામરૂટ ઉપર પણ તા. ૦૧/૦૨/૨૦૧૭ સુધી ફ્રીમાં મુસાફરી અંગેની વ્યવસ્થા સુરત મહાનગરપાલિકા દ્વારા રાખવામાં આવેલ છે જેથી કરીને તે વિસ્તારમાં વસવાટ કરતા શહેરીજનો સુરત સીટી બસ સેવાથી માહિતગાર થાય.

સુરત સીટી બસની કુલ ૫ રૂટમાં શરૂઆત કરવામાં આવેલ જેમાં કુલ અંદાજીત ૬૫ કી.મી. નો શહેરી વિસ્તાર આવરી લેવામાં આવેલ છે. જેમાં સુરત સીટીબસના પાંચ રૂટ (૧) સુરત રેલ્વે સ્ટેશન થી વિવેકાનંદ કોલેજ(જહાંગીરપુરા) (૨) ચોક થી ડિંડોલી (૩) ચોક થી લક્ષ્મીધામ સોસાયટી(વેડ) (૪) ચોક થી ઉન ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ તથા (૫) અમેઝીયા એમ્યુઝમેન્ટ પાર્ક થી ભેસ્તાન NFI ગાર્ડન સુધીના રૂટનો સમાવેશ થાય છે. સદરહુ તમામ રૂટોમાં અત્યાર સુધીમાં કુલ ૪,૨૫,૪૪૨ જેટલા મુસાફરોએ સુરત સીટી બસ સેવાનો લાભ લીધેલ છે.

જાહેર પરિવહનના ભાગરૂપે સુરત સીટી બસ તેમજ BRTS બસની સેવાનો લાભ લેવાથી શહેરના ટ્રાફિકની સમસ્યામાં ઘટાડો થશે, શહેરીજનો રિક્ષા ને બદલે બસનો ઉપયોગ કરે તો ટ્રાફિકમાં પણ ઉત્તરો-ઉત્તર ઘટાડો થશે તેમજ પ્રદૂષણમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે જે પર્યાવરણ માટે એક આશિર્વાદ સમાન બની રહેશે. આમ, શહેરના દરેક નાગરિકને સુરત સીટી બસ તેમજ BRT બસની સેવાનો મહત્તમ લાભ લેવા વિનંતિ કરવામાં આવે છે.

૧૭૦૮

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૭.૦૧.૨૦૧૭ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૦ ફાઈલના **રૂા.૦.૦૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–**૦૭ લોકેશન (ખાડા) ૪૮૫.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૪.૩૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ**–**૦૭** લોકેશન (ખાડા) **૨૪૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ**–**૧૧** લોકેશન, **૨૧૮૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે**,** સાઉથ ઝોન (ઉધના) માં બાટલીબોય ચાર રસ્તા પાસેથી ૦૧ ખુલ્લી લારીનું તેમજ ભેસ્તાન,એચ–૧૫ ખાતે દબાણ દુર કરવામાં આવેલ. તથા **રૂા.૨૦૦/**– વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ., તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલઃ **૦૪**, પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૧૯,૦૦૦/**– વસુલ લેવામાં આવેલ, તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યાઃ **૭૪** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૪.૧૫** લાખ થયેલ છે., તથા **વ્યવસાય વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૦૩.૯૧** લાખ થયેલ છે., ૦૭ EC તથા ૦૬ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી, ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૩,૩૬૩/**– વસુલ કરવામાં આવેલ છે., વહીવટી ખર્ચ પેટે **રૂા.૪,૨૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.**, **૭૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે., તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૯** છે., નિકાલ કરેલ સોલીડ વેસ્ટઃ **૨૧૪.૮૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૭** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૫૦૦/**– છે., તથા **વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૬૯૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૨૧૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૦** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૪૯૪** કરવામાં આવેલ છે. જયારે **૧૦૦** નોટીસ આપવામાં આવેલ છે., તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૦/**– વસુલ લેવામાં આવેલ છે.

૧૭૦૯

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના વિસ્તારમાં સફાઈ કામગીરી તથા દરેક ઝોનના વિવિધ રૂટો ઉપર સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી તથા અન્ય આકસ્મિક કામગીરી હાલ રોજીંદા દરના કામદારોથી કરવામાં આવે છે. સફાઈ તથા નાઈટ સ્ક્રેપીંગ–બ્રશીંગની કામગીરી બાબતે રોજીંદા દરના કામદારો મળતા ન હોવાની નાયબ આરોગ્ય અધિકારીશ્રીની રજુઆતોને અનુસંધાને વિવિધ ઝોનને કુલ–૧૪૦૦૦ નામો અત્રે ઉપલબ્ધ માહિતીના આધારે સુપ્રત કરવામાં આવેલ છે. આ નામોમાંથી જે કોઈ રોજીંદા દરે કામગીરી કરવા સંમત હોય તેમની સંમતિ મેળવી કાયદાકીય કાર્યવાહી અનુસરીને રોજીંદા દરે કામગીરીમાં રોકવા પુરતી જ આ નામોની માહિતી ઝોનને આપવામાં આવેલ છે.

આ માહિતીમાં પોતાનું નામ આવી જવાથી પોતાને સુરત મહાનગરપાલિકાની નોકરી મળી ગઈ છે એવું માનવાને કોઈ જ કારણ નથી કે કોઈ ધ્વારા આપને એવો વિશ્વાસ કે પ્રલોભન આપવામાં આવે કે અમે તમને કાયમી નોકરીમાં સમાવેશ કરાવી દઈશું તો તેવી કોઈની લલચામણી રજુઆતોમાં ન આવવા આથી આ પ્રેસનોટ થકી જાણ કરવામાં આવે છે. આ માહિતી ફકત ને ફકત રોજીંદા કામદારો ન મળવાને કારણે જે તે ઝોનમાં પુરતી સંખ્યામાં રોજીંદા કામદારો મળી રહે તે માટે જ જેતે ઝોનને આપવામાં આવેલ છે. તે સિવાય આ માહિતી કોઈપણ પ્રકારે ઉપયોગી નથી. જેની પણ નોંધ લેશો. ફરીથી, આ નામોની માહિતી થકી સુરત મહાનગરપાલિકાની નોકરી આપને મળી જતી નથી. જેની ખાસ નોંધ લેશો.

આટલી સ્પષ્ટતા ધ્યાને લેવી તેમજ કોઈપણ પ્રકારની લલચામણી રજુઆતમાં કે વિશ્વાસમાં ન આવી જવા આ પ્રેસનોટ થકી જાણ કરવામા આવે છે.

૧૭૧૦

# પ્રેસનોટ

| | |
|---|---|
| | **સુરત મહાનગરપાલિકા**<br>**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ** |

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૨૦/૦૧/૨૦૧૭ થી તા.૨૬/૦૧/૨૦૧૭ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન (લીબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૫૪,૫૫૩/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૧૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૧૦૦.૫૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૩૧.૨૦૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૭૮ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૪૭,૮૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૬ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૬,૧૫૦ અને ૬,૮૦૧ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૧,૯૮,૨૪૦/– અને રૂા.૨,૪૦,૫૫૦/– રકમ મળી કુલ રકમ રૂા.૪,૩૮,૭૯૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી સુખાકારી, વહીવટી સરળતા તેમજ ઝડપી કામગીરી માટે "Design, Development & Implementation of Web-based GIS application along with GIS database" પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ છે.

મિનિસ્ટ્રી ઓફ પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન્સ હેઠળના ડિપાર્ટમેન્ટ ઓફ એડમિનિસ્ટ્રેટીવ રીફોર્મસ એન્ડ પબ્લિક ગ્રીવન્સીસ ધ્વારા આયોજિત ૨૦ માં નેશનલ એવોર્ડસ ઓન ઈ–ગર્વનન્સ, ૨૦૧૬–૨૦૧૭ અન્વયે અત્રેથી સબમીત કરેલ પ્રોજેકટ "Design, Development & Implementation of Web-based GIS application along with GIS database" ને ઈનોવેટીવ યુઝ ઓફ GIS ટેકનોલોજી ઈન ઈ–ગર્વનન્સ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ ભારત સરકાર ધ્વારા સિલ્વર એવોર્ડ (રજત એવોર્ડ) પ્રાપ્ત થયેલ છે. GIS સોફટવેર ધ્વારા સુરત શહેરના સેટેલાઈટ ઈમેજરીને ડીજીટાઈઝેશન કરવામાં આવેલ છે તથા તેના પર શહેરની સુવિધાઓ અને નકશાઓને જોડવામાં આવેલ છે. જે અન્વયે તારીખ ૦૯–૧૦, જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ વિશાખાપટ્નમ, આંધ્રપ્રદેશ ખાતે યોજાયેલ ૨૦ માં નેશનલ એવોર્ડસ ઓન ઈ–ગર્વનન્સ, ૨૦૧૬–૨૦૧૭ દરમ્યાન સુરત મહાનગરપાલિકા તરફથી સદર એવોર્ડ પ્રાપ્ત કરવા માટે ડેપ્યુટી કમિશનરશ્રી આર.જે. પંડયા, ટાઉન પ્લાનરશ્રી દેબાશીષ બસાક, ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન ટેલર તેમજ આસીસટન્ટ ટાઉન પ્લાનરશ્રી ભાવેશ એમ. ટાકોડીયા હાજર રહેલ.

જનસંપર્ક વિભાગ

૨૩–૦૧–૨૦૧૭

સુરત મહાનગર પાલિકા તરફથી
સાદર સમાચાર યાદી નં. ૬૭૯૯.

૧૭૧૨

# <u>પ્રેસનોટ</u>

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ભારત સરકાર તથા રાજય સરકાર ભારત દેશને " સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત " બનાવવા માટે ૨ ઓકટોબર ૨૦૧૪ થી ભારત દેશને સ્વચ્છ બનાવવાનું અભિયાન શરૂ કરવામાં આવેલ છે.જે અંતર્ગત ભારત સરકારનાં શહેરી વિકાસ મંત્રાલય દ્વારા ભારતનાં દરેક શહેર સ્વચ્છ બને તે અંગે સ્વચ્છ સર્વેક્ષણનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

જે અંતર્ગત ૪ જાન્યુઆરી ૨૦૧૭ નાં રોજથી સ્વચ્છ સવેક્ષણ ૨૦૧૭ શરૂ થયેલ છે, જેમાં ૨૭ થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ નાં રોજ કવોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા (કયુસીઆઈ) દ્વારા સુરત શહેરમાં સ્વચ્છ સર્વેક્ષણ હાથ ધરવામાં આવેલ છે. જે અન્વયે આજ તા. ૨૭–૦૧–૨૦૧૭ નાં રોજ કયુસીઆઈની ટીમ દ્વારા મુખ્ય નિરીક્ષક શ્રી રવિન્દર ભારદ્વાજ, જુનીયર નિરીક્ષક શ્રી મનોજ કે. મોર્ય, જુનીયર નિરીક્ષક શ્રી એશ કુમાર દ્વારા સુરત શહેરનાં કતારગામ ઝોનનાં નહેરૂ નગર,ફુલવાડી, રાંદેર ઝોનનાં ધોબીની ખાંચી, બાપુનગર બોરડી, ઉધના ઝોનના હરીજનવાસ, ભેદવાડ ઝુપડપટ્ટી સ્લમ વિસ્તારો અને લીંબાયત ઝોનમાં ૦૨ શાકભાજી માર્કેટ, ૦૪ પે એન્ડ યુઝ ટોઈલેટ તથા અલગ અલગ ઝોનનાં ૦૪ કોર્મશિયલ વિસ્તારોનું નિરીક્ષણ હાથ ધરવામાં આવેલ હતુ.

૧૭૧૩

# પ્રેસનોટ સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા.૨૭-૦૧-૨૦૧૭ ના રોજ સવારે ૦૯.૦૦ થી ૦૫ઃ૦૦ કલાક દરમ્યાન અશક્તાઆશ્રમ, હોસ્પીટલની સામે, લેઉવા પાટીદાર પંચની વાડી, રામપુરા ,સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં કોર્પોરેટરશ્રી કુ નેન્સી એમ સુમરા એ આવકાર પ્રવચન આપતા જણાવ્યુ કે ગુજરાત સરકાર દ્વારા સુરત મહાનગરપાલિકા નાં હદ વિસ્તાર માં યોજાયેલ ૧૭ સેવાસેતુ કાર્યકમ થકી ૩૫૦૦૦ થી વધુ લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે.

ગુજરાત રાજ્યનાં (દંડકશ્રી) શ્રી અજયકુમાર ચોકસી પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યુ કે કે "સેવાસેતુ" કાર્યકમ થકી લાભાર્થીઓને વિવિધ યોજનાનો લાભ સ્થળ ઉપર જ આપવામાં આવે છે.જેથી લાભાર્થીઓનો સમય શક્તિ નો બચાવ થાય છે. સુરત મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું સુવ્યવસ્થિત આયોજન કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે.

ધારાસભ્ય શ્રી રણજીતભાઈ ગીલીટવાલા એ જણાવેલ કે સરકારની લોકોને સામેથી સેવા પૂરી પાડવાની આ સેવા સેતુ નાં પહેલથી લોકોને ખુબ જ અનુંકુળતા સાથે જડપથી તેઓની રજૂઆતોનો નિકાલ થાય છે જે ખુબ જ સરાહનીય છે.

કોર્પોરેટરશ્રી ગીતાબેન પટેલ આભારવિધી કરતા જણાવ્યું હતુ કે સામાન્ય લોકોને જાણકારીના અભાવે વિવિધ દાખલાઓ મેળવવા મુશ્કેલ પડે છે.લોકોની સમસ્યા દુર કરવા તેમના જ વિસ્તારમાં તેમને યોજનાઓનો લાભ સરળતાથી મળી રહે છે.

આ સેવાસેતુ કાર્યક્રમમાં માનનીય શ્રી પ્રવીણભાઈ ઘોઘારી ,અધ્યક્ષશ્રી પાણી સમિતિ, શ્રીમતી દર્શનાંબેન જરીવાલા કોર્પોરેટરશ્રી, શ્રી રાકેશભાઈ માળી કોર્પોરેટરશ્રી, શ્રીમતિ આરતીબેન પટેલ કોર્પોરેટરશ્રી, શ્રી દિનેશભાઈ કાછલિયા કોર્પોરેટરશ્રી ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા કુલ ૫૬ ટેબલ અને ૧૫ કાઉન્ટર

ગોઠવી જેમાં દિવસ દરમ્યાન કુલ ૧૭૪૯ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.







૧૭૧૪

# પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૨૮/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન નીલગીરી ગ્રાઉન્ડ, નીલગીરી સર્કલ પાસે, લીંબાયત, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીંક ઉદબોધન કરતા ઉધના વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલે જણાવ્યુ કે રાજય સરકારે લોકોને પડતી અસુવિધાને ધ્યાને લઈ 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોના દ્વારે જઈ સેવા પુરી પાડવાનો નિર્ણય કર્યો જેથી લોકોના વિવિધ સેવાઓ મેળવવા અંગેના પ્રમાણપત્રો મેળવવા સંબંધી પ્રશ્નો દુર કરી શકાય. વધુમાં ધારાસભ્યશ્રીએ સુરત મહાનગર પાલિકાના સુવ્યવસ્થિત આયોજન તથા વિવિધ વિભાગોના કર્મચારીઓની સેવાને બીરદાવી હતી તથા ભવિષ્યમાં આવા કાર્યક્રમોનુ આયોજન કરી લોકોને સેવા પુરી પાડવા આહ્વાન કયુ હતુ. કાર્યક્રમમાં પ્રાસંગીંક ઉદબોધન કરતા ચોર્યાસી વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલે જણાવ્યુ કે લોકહિતમાં સેવાસેતુ કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે જેથી લોકોને વિવિધ પ્રમાણપત્રો એક જ જગ્યાએ સરળતાથી મળી જાય. આ સેવાસેતુ કાર્યક્રમમાં મ્યુ. કમીશનર તથા મ્યુ. સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૨૬૫૫ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.




સુધી






















૧૭૧૫

**<u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>**

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૨૮/૦૧/૧૭</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં સોપારીવાલા કમ્પા.,પંપીગ સ્ટેશનનો વિસ્તાર,મલેકવાડી,નવસારીબજાર,ઢબુવાલા ગલી,ખાંગડ શેરી, ચોગાન શેરી,દયારામબાવા શેરી,હનુમાન ટેકરો,ગોલવાડ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સુભાષનગર ઝુંપડપટ્ટી,એસએમસી કવાર્ટસ ક્રોમા ની પાસ,EWS આવાસ( મહાવીર)આંગણવાડી નો વિસ્તાર,પ્રશાંતનગર સોસા. વિભાગ–૨,ઉગત હળપતિવાસ કલ્યાણનગર સોસા.,બોટનીકલ ગાર્ડન જેવા વિસ્તારમાં,ઉધના ઝોનમાં પંચશીલનગર–૧,લક્ષ્મીનારાયણ નગર,સિધ્ધાર્થ નગર,સુખીનગર,શોએબનગર,EWS આવાસ જેવા વિસ્તારોમાં લિંબાયત ઝોનમાં આંગણવાડી–ગણેશનગર,ગણેશનગર –૧,૨,આંગણવાડી–આસપાસનગર–૨, જય સંતોષીનગર,આંગણવાડી–રાજીવનગર,આંગણવાડી –જગન્નાથનગર વિસ્તાર, આંગણવાડી–શ્રીનાથનગર,ગણપતિધામ,ઠાકોરનગર,મેલડીનગર,નારાયણનગર,મહાદેવનગર–૧,૨,હરીદ્વારનગર,સાંઈનગર લક્ષ્મીનારાયણનગર–૧,૨ વિસ્તાર,આંગણવાડી–કિષ્ણાનગર,કિષ્ણાનગર–૧,૨,આંગણવાડી–વૃંદાવનનગર,વૃંદાવનનગર –૧,૨ તથા આજુ બાજુનો વિસ્તાર જેવા વિસ્તારોમાં,અઠવા ઝોનમાં ઓલપાડી મહોલ્લો,નવો મહોલ્લો,પનાસ ગામ,હેડગેવાર નગર ક્રિષ્ણાનગર,બત્રીસ્સો મહોલ્લો એસ.એમ.સી. આવાસ,કાંઠા મહોલ્લો,મગદલ્લા ડુમસ જેવા વિસ્તારોમાં,કતારગામ ઝોનમાં આનંદપાર્ક,શિવનગર,ગોસાઈનગર,બોયઝ હોસ્ટેલ,કૃષ્ણનગર ગુ.હા.બો.,એચ–૧ આવાસ જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં જુની આંબાવાડી,વર્ષા સોસા.,કુબેરનગર,મફતનગર,નરસિંહ મંદિર ની ચાલ,જાડબાવાનો ટેકરો,મહાદેનગર,એકતા નગર દિનદયાળનગર ઝુ., શ્રીરામનગર,રાજીવનગર ,સનસીટી રો–હાઉસ જેવા વિસ્તારો માં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 35983 | 78142 | 239 | 11202 | 1032 | 1837 | 91 | 47250 | 60 | 27310 | 10998 |

## તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૧૭૧૬

## પ્રેસનોટ – સેવાસેતુ

રાજય સરકારશ્રી દ્વારા અમલીકૃત અનેકવિધ લોકઉપયોગી યોજનાઓ પ્રવૃતિઓ તથા વહિવટ પ્રત્યે પ્રજાના પ્રશ્નોનો ન્યાયીક ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તેમજ રાજયના વહિવટમાં પારદર્શીતા વધે તે હેતુથી નાગરીકોની વ્યકિતલક્ષી યોજનાઓ સંલગ્ન વિભાગો દ્વારા સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે હેતુસર તા. ૨૯/૦૧/૨૦૧૭ ના રોજ સવારે ૦૯:૦૦ થી ૦૫:૦૦ કલાક દરમ્યાન એલ. પી સવાણી સ્કુલ, હનીપાર્ક રોડ, એલ. પી સવાણી સર્કલ, અડાજણ, સુરત ખાતે સુરત મહાનગર પાલીકા દ્વારા 'સેવાસેતુ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતુ.

જેમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. કાર્યક્રમમાં પ્રાસંગીંક ઉદબોધન કરતા સાંસદિય સચિવશ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યુ કે રાજય સરકાર સતત લોકોને સુખી અને સ્વાવલંબી બનાવવા પ્રયત્નશીલ રહી છે પહેલા તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાનીમાં ગરીબોની જરૂરીયાતોને ધ્યાને લઈ 'ગરીબ કલ્યાણ મેળા'નુ આયોજન કરી લાભાર્થીઓને સીધો લાભ આપવાનુ કાર્ય ચાલુ કર્યુ હતુ અને હવે લોકોની વિવિધ યોજનાઓ તથા તેના લાભ લેવા જરૂરી પ્રમાણપત્રો મેળવવાની મૂશ્કેલીને સમજી 'લોકોના સુખે સુખી અને લોકોના દુઃખે દુઃખી' એવી રાજય સરકાર 'સેવાસેતુ' કાર્યક્રમ થકી લોકોને સરળતાથી, એક જ સ્થળે વિવિધ સેવાઓનો લાભ મળી રહે તેવુ આયોજન કર્યુ છે. વધુમાં સાંસદિય સચિવશ્રીએ સુરત મહાનગર પાલિકાના સુવ્યવસ્થિત આયોજન થકી અત્યાર સુધીમાં ૩૫૦૦૦ થી વધુ લોકોને વિવિધ સેવાનો લાભ અપાવી રાજયભરમાં નોંધપાત્ર કામગીરી કરવા બદલ સેવાસેતુ કાર્યક્રમ સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા કાર્યકર્તાઓની સેવાને બીરદાવી હતી. આ ઉપરાંત આજના સેવાસેતુ કાર્યક્રમમાં તેઓ દ્વારા લોકોને વિનામુલ્યે નોટરી તથા ઝેરોક્ષની સેવા મળી રહે તે માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે તેમ જણાવ્યુ હતુ. કાર્યક્રમમાં સદસ્યશ્રી પ્રવીણભાઈ પટેલે આવકાર પ્રવચન કરેલ તથા આભારવીધી સદસ્યશ્રી અનિલભાઈ બીસ્કીટવાલાએ કરેલ.

આ સેવાસેતુ કાર્યક્રમમાં મા.મેયર શ્રીમતી અસ્મીતાબેન શિરોયા, ચોર્યાસી વિધાનસભા વિસ્તારના મા.ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, કરંજ વિધાનસભા વિસ્તારના મા.ધારાસભ્યશ્રી જનકભાઈ બગદાણાવાળા, મા.અધ્યક્ષશ્રી, સ્થાયી સમીતી શ્રી રાજેશભાઈ દેસાઈ, મા.અધ્યક્ષશ્રી, મા.નેતા, શાશકપક્ષ શ્રી ગીરીજાશંકર મિશ્રા, મા.અધ્યક્ષશ્રી,નગરશિક્ષણ સમીતી શ્રી હસમુખભાઈ પટેલ, મા.પ્રદેશમંત્રી, મહિલા મોરચા શ્રીમતી દર્શીનીબેન કોઠિયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી નિતિનભાઈ ભજીયાવાલા, મ્યુ. કમિશનરશ્રી એમ.થેન્નારસન તથા મ્યુ.સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહી લાભાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સેવાસેતુ કાર્યક્રમમાં વિવિધ વિભાગો જે કે મહેસુલ વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સીટી સર્વે સુપ્રીટેન્ડન્ટ, સમાજ સુરક્ષા વિભાગ, પુરવઠા વિભાગ તથા સુરત મહાનગર પાલીકાના ગુમાસ્તા વિભાગ, વ્યવસાય વેરા વિભાગ, આકારણી/વસુલાત/પ્રોપર્ટી ટેક્ષ વિભાગ, આર.સી.એચ. વિભાગ, વિવિધ બેંકો, શ્રમિક કલ્યાણ બોર્ડ વગેરે દ્વારા દિવસ દરમ્યાન કુલ ૩૫૧૫ લાભાર્થીઓએ આવકનો દાખલો, ક્રિમીલેયર સર્ટી., પંચનામાં, ધાર્મિક લઘુમતિ પ્રમાણપત્ર, વિધવા સહાય, વૃધ્ધ સહાય, જાતિના દાખલા, બાજપાઈ બેંકેબલ યોજના, માનવ કલ્યાણ યોજના, દિવ્યાંગ સર્ટી., માં વાત્સલ્ય કાર્ડ, માં અમૃતમ કાર્ડ જેવી વિવિધ રજુઆતોનો સ્થળ પર નિકાલનો લાભ મેળવેલ. તે સંદર્ભે લોકો પણ ઘણી પ્રસન્નતાની લાગણી વ્યકત કરતા જોવા મળ્યા તેમજ એકજ સ્થળ પરથી રજુઆતોના નિકાલ માટેના આ 'સેવાસેતુ' કાર્યક્રમના આયોજન, વિસ્તારના રહીશો દ્વારા ખુબ જ પ્રેરક પ્રતિસાદ મળેલ છે.






















સુરત મહાનગરપાલિકા


સુરત મહાનગરપાલિકા
પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર


પારદર્શી


નગરપાલિકા
સુરત


મહાનગરપાલિકા


સુરત


સુરત
પારદર્શી પ્રશાસન


સુરત
પારદર્શી પ્રશાસન




સુરત મહાનગરપાલિકા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર
પ્રજાની લાગણી-માંગણી-અપેક્ષા પૂર્ણ કરવા
"સેવા સેતુ કાર્યક્રમ"


સુરત મહાનગરપાલિકા
પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર
પ્રજાની લાગણી-માંગણી-અપેક્ષા પૂર્ણ કરવા
"સેવા સેતુ કાર્યક્રમ"
સ્થળ : એલ.પી.સવાણી સ્કુલ, હનીપાર્ક રોડ, એલ.પી.સવાણી સર્કલ, અડાજણ, સુરત


સુરત મહાનગરપાલિકા
પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ સરકાર
લાગણી-માંગણી-અપેક્ષા પૂર્ણ